# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 2-9-2024 Evening : 7.50 to 8.00
Day : Monday National News

## આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

****************************************************

- ✓ કેન્દ્રીય મંત્રીમંડળે ખેડૂતો માટેની કુલ 13 હજાર 966 કરોડ રૂપિયાનાં રોકાણ સાથેની સાત યોજનાઓને મંજૂરી આપી
- ✓ ગુજરાતના સાણંદમાં સેમિકન્ડક્ટર યુનિટ સ્થાપવાની કેનેસ સેમિકોન પ્રાઇવેટ લિમિટેડની દરખાસ્ત પણ મંજૂર
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતી કાલથી બ્રુનેઈ અને સિંગાપોરના ત્રણ દિવસનાં પ્રવાસે જશે
- ✓ ભારતીય જનતા પાર્ટીની સભ્યપદ ઝૂંબેશનો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા પ્રારંભ કરાયો
- ✓ પેરિસ પેરાલિમ્પિકમાં ભારતને વધુ એક સુવર્ણચંદ્રક—બેડમિન્ટનમાં નિતેશ કુમારે ગ્રેટ બ્રિટનના ડેનિયલ બેથેલને હરાવીને પોતાનો પ્રથમ સુવર્ણચંદ્રક મેળવ્યો

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## CABINET DECISION

**કેન્દ્રીય મંત્રીમંડળે આજે ખેડૂતોનું જીવનધોરણ સુધારવા અને તેમની આવક વધારવા કુલ 13 હજાર 966 કરોડ રૂપિયાનાં રોકાણ સાથેની સાત યોજનાઓને મંજૂરી આપી છે.**

કેન્દ્રીય મંત્રીમંડળે કુલ બે હજાર આઠ સો 17 કરોડ રૂપિયાનો ખર્ચ ધરાવતા ડિજિટલ કૃષિ મિશનને પણ મંજૂરી આપી છે. આજે નવી દિલ્હીમાં પત્રકારો સાથેની વાતચીતમાં માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કેબિનેટનાં નિર્ણયો અંગેની માહિતી આપી હતી

(BYTE.... Ashwini Vaishnav.)

મંત્રીમંડળે ત્રણ હજાર 979 કરોડનાં કુલ ખર્ચે અન્ન અને પોષણ સલામતી યોજનાને પણ મંજૂરી આપી છે.

સરકારે બે હજાર 291 કરોડ રૂપિયાનાં ખર્ચે કૃષિ શિક્ષણ અને વ્યવસ્થાને મજબૂત કરવાનો નિર્ણય લીધો છે. મંત્રીમંડળની બેઠકમાં એક હજાર 702 કરોડ રૂપિયાનાં ખર્ચે પશુધન આરોગ્ય અને વસતિ વૃધ્ધિ યોજનાને પણ મંજૂરી આપી છે.

આ ઉપરાંત, આઠ સો 60 કરોડ રૂપિયાનાં ખર્ચે બાગાયતના સતત વિકાસ કાર્યક્રમને મંજૂરી અપાઇ. એક હજાર 115 કરોડ રૂપિયાનાં ખર્ચે પ્રાકૃતિક સંસાધન વ્યવસ્થાને મજબૂત કરવાનો પણ નિર્ણય લેવાયો છે.

મંત્રીમંડળની આ બેઠકમાં 18 હજાર 36 કરોડ રૂપિયાનાં ખર્ચે મુંબઇ-ઇન્દોર વચ્ચે 309 કિલોમીટર લાંબી નવી રેલવે લાઇન યોજનાને પણ મંજૂરી આપવામાં આવી.

દરમ્યાન, કેન્દ્રીય મંત્રીમંડળે ગુજરાતના સાણંદમાં સેમિકન્ડક્ટર યુનિટ સ્થાપવાની કેનેસ સેમિકોન પ્રાઇવેટ લિમિટેડની દરખાસ્તને મંજૂરી આપી છે. 3,300 કરોડ રૂપિયાનાં સૂચિત રોકાણ સાથે સ્થપાનારા આ એકમની દૈનિક ક્ષમતા 60 લાખ ચિપ્સ હશે. આ યુનિટમાં ઉત્પાદિત ચિપ્સ વિવિધ પ્રકારની એપ્લિકેશનોને પૂરી પાડવામાં આવશે, જેમાં ઔદ્યોગિક, ઓટોમોટિવ, ઇલેક્ટ્રિકવાહનો, કન્ઝ્યુમર ઇલેક્ટ્રોનિક્સ, ટેલિકોમ, મોબાઇલ ફોન વગેરે ક્ષેત્રોનો સમાવેશ થાય છે.

## PRESIDENT MAHARASHTRA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજથી ત્રણ દિવસ મહારાષ્ટ્રના પ્રવાસે છે. આજે કોલ્હાપુર ખાતે રાજ્યપાલ સીપી રાધાકૃષ્ણને તેમનું સ્વાગત કર્યું હતું.

રાષ્ટ્રપતિએ કારવિર નિવાસિની શ્રી મહાલક્ષ્મી મંદિરની મુલાકાત લીધી હતી અને પૂજા અર્ચના કરી હતી.

કોલ્હાપુરમાં શ્રી વારણા મહિલા સહકારી મલ્ટી-ઇન્ડસ્ટ્રી ગ્રૂપના સુવર્ણ જયંતિ સમારોહને સંબોધતા તેમણે જણાવ્યું કે, ઉદ્યોગ અને શિક્ષણ શ્રેત્રમાં સહકાર દ્વારા સંપૂર્ણ કાર્ય કરતા સંસ્થા દેશનાં વિકાસમાં મોટું પ્રદાન કરે છે.

આવતી કાલે તેઓ પૂણેના સિમ્બાયોસિસ આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટીનાં 21મા પદવીદાન સમારોહમાં સંબોધન કરશે. આ ઉપરાંત, રાષ્ટ્રપતિ મુંબઈમાં મહારાષ્ટ્ર વિધાન પરિષદના શતાબ્દી વર્ષ સમારોહમાં પણ ઉપસ્થિત રહેશે. પ્રવાસના અંતિમ દિવસે તેઓ લાતૂરના ઉદગીર ખાતે બૌદ્ધ વિહારનું ઉદ્ઘાટન કરશે અને શાસન આપલ્યા દારી તથા મુખ્યમંત્રી માઝી લડકી બહિણ યોજનાના લાભાર્થીઓ સાથે મુલાકાત કરશે.

## IC 814

માહિતી અને પ્રસારણ મંત્રાલયે વેબ સિરીઝ-814નાં વિષયવસ્તુ અંગે ઓટીટી પ્લેટફોર્મ નેટફ્લિક્સનાં કન્ટેન્ટ હેડ પાસેથી સ્પષ્ટતા માંગી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, વેબ સિરીઝનાં કથિત વિવાદાસ્પદ મુદ્દાઓ અંગે સમજૂતિ આપવા કન્ટેન્ટ હેડને આવતી કાલે મંત્રાલય સમક્ષ રૂબરમાં હાજર રહેવા જણાવવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે વેબ સિરીઝમાં કેટલાંક પાત્રોનાં ચિત્રણ મુદ્દે કથિત વિવાદોની પૃષ્ઠભૂમિમાં મંત્રાલયે આ પગલું લીધું છે.

## JAMMU KASHMIR TERROR

જમ્મુ અને કાશ્મીરમાં આજે જમ્મુની સુંજવાન લશ્કરી છાવણીમાં થયેલા આતંકવાદી હુમલામાં સેનાના એક જવાન શહીદ થયા હતાં. સેનાએ વળતો હુમલો

કર્યો હતો તેમજ આ વિસ્તારમાં સઘન શોધખોળ અભિયાન શરૂ કરાયું હતું. હુમલામાં સ્નાઇપરનો ઉપયોગ થયો હોવાનું અનુમાન હોવાથી હુમલાખોરોને શોધવા આ વિસ્તારમાં, ખાસ કરી ઊંચી ઉમારતોમાં મોટાપાયે શોધખોળ હાથ ધરાઇ છે. હવાઇ નિરિક્ષણ માટે ડ્રોનનો ઉપયોગ કરાઇ રહ્યો છે. વધારે સૈન્ય દળોને આ વિસ્તારમાં મોકલી આપવામાં આવ્યાં છે. સેના પર આતંકી હુમલાને કારણે જમ્મુ પહેલેથી જ હાઇ એલર્ટ પર છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

## J&K: LANDSLIDE

જમ્મુ કાશ્મીરમાં આજે પંચી હેલિપેડ પાસે માતા વૈષ્ણોદેવી મંદિર જતા માર્ગમાં ભુસ્ખલનમાં બે મહિલા યાત્રીનાં મૃત્યુ થયા અને એક કિશોરીને ગંભીર ઇજા થઈ હતી. મોટો પથ્થર માર્ગ પર પડતાં એક યાત્રીનું ઘટના સ્થળે મૃત્યુ થયું હતું અને બેને ગંભીર ઇજા થઈ હતી, જેમાંથી એકનું બાદમાં મૃત્યુ થયું હતું. ભુસ્ખલન અને પથ્થરો ગબડવાથી મંદિરનાં માર્ગમાં અવરોધ આવ્યો છે. શ્રી માતા વૈષ્ણોદેવી શ્રાઇન બોર્ડની આપત્તિ વ્યવસ્થાપન ટૂકડી ઘટના સ્થળે પહોંચી ગઈ છે.

## PM BRUNEI SINGAPORE VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી બ્રુનેઈ અને સિંગાપોરના ત્રણ દિવસનાં પ્રવાસે જશે. નવી દિલ્હીમાં માધ્યમોને સંબોધતાં વિદેશ મંત્રાલયના સચિવ જયદીપ મજૂમદારે કહ્યું, કોઈ ભારતીય પ્રધાનમંત્રી બ્રુનેઈના પ્રવાસે જઈ રહ્યા હોય

એવું પ્રથમ વાર બની રહ્યું છે. પ્રધાનમંત્રીનો આ પ્રવાસ ભારત અને બ્રુનેઈ વચ્ચેના રાજદ્વારી સંબંધની 40મી વર્ષગાંઠ સાથે યોગાનુયોગ ધરાવે છે.

શ્રી મજૂમદારે કહ્યું, ભારતની 'એક્ટ ઇસ્ટ' પૉલિસી અને તેના ઇન્ડો-પેસિફિક પરિપ્રેક્ષ્યમાં બ્રુનેઈ એ ભારતનું મહત્વનું ભાગીદાર છે. વિદેશ પ્રવાસનાં બીજા તબક્કામાં પ્રધાનમંત્રી મોદી 4 અને 5 સપ્ટેમ્બરનાં રોજ સિંગાપોર જશે. શ્રી મોદી લગભગ છ વર્ષ બાદ સિંગાપોરની મુલાકાતે જઈ રહ્યા છે.

## BJP MEMEBRSHIP DRIVE

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પ્રધાનંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં ભાજપની સભ્યપદ ઝૂંબેશનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે શ્રી મોદીએ પક્ષનું સભ્યપદ મેળવ્યા બાદ કાર્યકરોને સંબોધતાં જણાવ્યું હતું કે, સભ્યપદ ઝૂંબેશ અમારા માટે પરિવારનો વિસ્તાર છે અને તેનો હેતુ દેશની તાકાત મજબૂત બનાવવનો છે.

ભાજપના પક્ષ પ્રમુખ જેપી નડ્ડાએ જણાવ્યું કે, ભાજપ એક માત્ર એવો પક્ષ છે જે ભારતીય બંધારણમાં સમાહિત મૂલ્યોને અનુરુપ કામ કરે છે.

પક્ષના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે જણાવ્યું કે, ભાજપ વિશ્વનો સૌથી મોટો રાજકીય પક્ષ જ નહીં, પણ સૌથી વધુ લોકશાહી ધરાવતો પક્ષ છે.

## PARIS PARALYMPICS

પેરિસ પેરાલિમ્પિકના પાંચમા દિવસે આજે ભારતને વધુ એક સુવર્ણચંદ્રક મળ્યો છે. નિતેશ કુમારે બેડમિન્ટનમાં પુરુષ સિંગલ્સ SL3 વર્ગમાં  ગ્રેટ બ્રિટનના ડેનિયલ બેથેલને 21-14, 18-21, 23-21 થી હરાવીને પોતાનો પ્રથમ સુવર્ણચંદ્રક મેળવ્યો છે. આ સાથે પેરિસ પેરાલિમ્પકમાં ભારતે કુલ નવ ચંદ્રકો મેળવ્યા છે. અગાઉ, યોગેશ કથુનિયાએ આજે પુરુષોની ડિસ્કસ થ્રો એફ-56 સ્પર્ધામાં રજત ચંદ્રક મેળવ્યો

હતો. પોતાનાં પ્રથમ જ પ્રયત્નમાં 42.2 મીટરના અંતર સુધી ચક્ર ફેંકીને આ સીઝનમાં પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું.

આજે રાત્રે પુરુષ સિંગલ્સ બેડમિન્ટનમાં SL-4 શ્રેણીની ફાઇનલમાં સુહાસ યતિરાજનો સામનો ફ્રાન્સના લુકાસ મજૂર સામે થશે, જ્યારે કાંસ્ય ચંદ્રક મુકાબલામાં સુકાંત કદમ સ્પર્ધા કરશે.

મહિલા સિંગલ્સ બેડમિન્ટનની SU-5 ફાઇનલમાં આજે રાત્રે તુલસીમથી મુરુગેસનનો સામનો ચીનની યાંગ શૂ સામે થશે.

દરમિયાન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પેરિસ પેરાલિમ્પિક્સમાં સુવર્ણચંદ્રક વિજેતા અવની લેખારા સાથે વાત કરી હતી અને તેમને અભિનંદન આપ્યા હતા.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને રમતગમત મંત્રી ડોક્ટર મનસુખ માંડવિયાએ યોગેશ કથુનિયાને રજતચંદ્રક મેળવવા બદલ અભિનંદન પાઠવ્યા છે.

## SENSEXN NIFTY

શેરબજારમાં પોઝિટિવ સેન્ટિમેન્ટને પગલે ભારતીય સૂચકાંકો સોમવારે નવી ઊંચી સપાટીએ બંધ થયા હતા. સેન્સેક્સ 194 પોઇન્ટ વધીને 82 હજાર 559 અને નિફ્ટી 42 પોઇન્ટ વધીને 25 હજાર 279 પોઇન્ટ પર બંધ રહ્યો હતો.

દિવસ દરમિયાન સેન્સેક્સ અને નિફ્ટી બંનેએ અનુક્રમે 82 હજાર 725 અને 25 હજાર 333ની નવી ઊંચી સપાટી બનાવી હતી. બોમ્બે સ્ટોક એક્સચેન્જ પર 1786 શેર વધ્યા હતા, 2 હજાર 256 શેર ઘટ્યા હતા. જો કે નિફ્ટી મિડકેપ 100 અને નિફ્ટી સ્મોલકેપ 100 ઇન્ડેક્સમાં ઘટાડો નોંધાયા હતા,

## RAINS

તેલંગાણા, આંધ્રપ્રદેશ અને મહારાષ્ટ્રમાં અતિ ભારે વરસાદને પગલે જનજીવન ખોરવાઈ ગયું છે. તેલંગાણામાં ચાર લોકોનાં મૃત્યુ થયા છે અને ડઝન

લોકો ગુમ થયા હોવાના અહેવાલ છે. સૌથી અસરગ્રસ્ત ખમ્મમ, મહેબુબાબાદ અને સૂર્યાપેટ જિલ્લામાં પરિસ્થિતિ ગંભીર છે.

દરમિયાન, આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન ચંદ્રાબાબુ નાયડુએ પુરની સ્થિતિ અને રાહત કાર્યોનું નિરીક્ષણ કરવા વિજયવાડાનું રોકાણ કર્યું હતું. પૂરને કારણે આંધ્રપ્રદેશમાં નવ લોકોના મૃત્યું થયા છે.

દરમિયાન, મહારાષ્ટ્રના મરાઠવાડા પ્રદેશમાં ભારે વરસાદને પગલે જનજીવન ખોરવાઈ ગયું છે અને પાકને ગંભીર નુકસાન થયું છે. પરભણી, નાંદેડ, બીડ, જાલના અને હિંગોલી જિલ્લાઓને સૌથી વધુ અસર થઈ છે.